

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*એક અભણ ભરવાડ અનેક ઘેટાં સાચવે છે!*
*એક અબળા અધમોથી આબરૂ સાચવે છે!*
*સાચવી નથી શકતી કોંગ્રેસ પોતાનું નાક -*
*એક મૂર્ખ રાજા પણ પોતાની સત્તા સાચવે છે!*

**હાઈકુ**

*હે કોંગીજનો !*
*લ્યો ! ઢાંકણીમાં પાણી -*
*મારો ડૂબકી...*
*(સિદ્ધાંતના સરોવરમાંથી)*

*ત્યારે ન માન્યા !*
*'બાપુ'ની સાચી વાત -*
*હવે વિખેરો !!*
*(કોંગી-વેરવિખેર)*

### ચિંતન

*જહર જિમી દૈ રોપિયા, અમિ સીંચે સૌ બાર,*
*કબિર ખલક નહીં તજૈ, જામેં જૌન વિચાર.*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ ચે.

તમારી પાસે સુંદર ફળદ્રુપ જમીન છે, તેને સારી રીતે ખેડીને સારામાં સારું ખાતર નાખો. પણ જો તેમાં ઝેરી અને વિષાણુ બીજ રોપવામાં આવે અને પછી તેમાં પાણીને બદલે અમૃતનું સિંચન રોજ કરો તો પણ જ્યારે તે બીજમાંથી વૃક્ષ બનશે ત્યારે તેનાં પર ફળ તો ઝેરી જ પેદા થશે. કારણ કે તમે જે વાવ્યું છે તે તેના ગુણ છોડશે નહીં.

કબીર કહે છે કે આ સંસારમાં એવા માણસો છે કે જેને કશું જ્ઞાન નથી અને વિષના બીજ જેવા કામ, વાસના અને દ્વેષ જેવાં જેનાં વિચાર છે તેનો તે ત્યાગ પણ કરતો નથી. સેવા માણસને સો વખત ઉપદેશ આપવામાં આવે તો પણ તે આવા વિચારોથી મુક્ત થઈ શકવાનો નથી. કારણ કે આ અજ્ઞાની જીવે પોતાનાં હૃદયમાં કુવિચારોના બીજ રોપ્યા છે. તેથી કુવિચારો ક્યારેય તેને છોડશે નહીં. સદ્અભ્યાસ અને સત્સંગરુપી બીજ હૃદયમાં રોપવાથી કુવિચારો અને કુવાસનાથી મુક્ત રહી શકાય છે.

### સુવિચાર

- ખુદાને હું બીજે શું કામ શોધું ? કે એ તો મારી શ્રધ્ધામાં રહે છે - **બરકત વિરાણી**
- સન્નાટા તુફાં સે સિવા હો યે ભી તો હો સકતા હૈ,
  યે કુછ ઔર બડા ધોકા હૈ, યે ભી તો હો સકતા હૈ - **અકબર અલી**
- ઈર્ષ્યા બીજું કશું નથી ખાતી,એ તો જે હૃદયમાં પૈદા થાય છે,
  તે હૃદયને જ ખાઈ જાય છે - **જર્મન કહેવત**
- જે મનુષ્યને ચડતીની ઈચ્છા હોય તેમને ઉત્તમની મૈત્રી કરવી - **વિદૂર**
- પ્રત્યેક માણસનું કુરુક્ષેત્ર એટલે જીવનમાં સતત યુદ્ધ જગાડતું ક્રોધક્ષેત્ર,
  મોહક્ષેત્ર અને વેરક્ષેત્ર - **ગુણવંત શાહ**
- જેનો તમે વિરોધ કરો છો એ ટકે છે, અસત્ય, અન્યાય, હિંસાનો વિરોધ કરશો તો અસત્ય, અન્યાય, હિંસા ટકશે - **ડેવિડ આર હોકિન્સ**
- આજનું ઔષધ : પગમાં ચીરા પડ્યા હોય ત્યારે વડનું દૂધ લગાડવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચિત્રકલાની હરિફાઈ હતી. આ હરિફાઈની વિશેષતા એ હતી કે માત્ર સુંદર ચિત્ર બનાવ્યું અને એમાં કોઈ જીવનનો સંદેશ સમાયેલો હોય. નાના કે મોટા સૌ પોતાના ચિત્રો દોર્યા. કોઈએ માતા-શિશુના પ્રેમને રજૂ કરતું ચિત્ર દોર્યું તો કોઈએ પાણી બચાવવાના સંદેશો સાથેનું અદ્ભૂત ચિત્ર દોર્યું. પણ એક માણસે જે ચિત્ર દોર્યું તે સૌનું ધ્યાન ખેંચી રહ્યું હતું. કારણ કે તે ચિત્ર પ્રથમ દૃષ્ટિએ વિચિત્ર દેખાતું હતું.આ ચિત્રમાં એક સામાન્ય કદ - કાઢીનો માણસ એક ગાડું ખેંચી રહ્યો હતો. ગાડુ સામાન્ય કદનું હતું પણ તે ગાડામાં બળદને સ્થાને માણસ બંધાયેલો હતો. બે હાથ વડે ગાડું ખેંચી રહ્યો હતો. અને વિચિત્રતા એ હતી કે જે વ્યક્તિ આ ગાડું ખેંચી રહ્યો હતો. તેનું પોતાનું જ સામાન્ય કરતા ચાર ગણું મોટું માથું એ ગાડામાં મૂકાયેલું હતું. આવું વિચિત્ર ચિત્રની નીચે ચિત્રકારે સંદેશો લખ્યો હતો કે 'મારા અહંકારનું વજન'. પરિક્ષકે આ કલાકારને કહ્યું, 'આપનું ચિત્ર ભયંકર લાગી રહ્યું છે અને આપ શું સંદેશો આપવા માંગો છો?' ત્યારે ચિત્રકારે કહ્યું, 'આ ઘડ કે જે ગાડું ખેંચી રહ્યું છે તે જીવન અને જીવનની જવાબદારીનું પ્રતિક છે, મતલબ કે દરેક માણસે પોતાના જીવનની જવાબદારી પોતે જ ખેંચવાની રહે છે. તે દર્શાવવામાં મેં માણસને ગાડા સાથે જોડેલો છે. અને એનું પોતાનું જ ચાર ગણું મોટું માથું તેના અહંકારનું પ્રતિક છે. જે દર્શાવે છે કે માણસના મગજનો અહંકાર જ તેના જીવનનો સૌથી મોટો બોજ છે. આ અહંકારનો બોજ જેટલો વધારે એટલો માણસ જીવનમાં ધીમો પડે છે.' આ ચિત્રનું રહસ્ય સાંભળી પરિક્ષકે તેને પ્રથમ ઈનામ આપ્યું.

# ...મંદિર વહી બનેગા

**તંત્રીસ્થાનેથી...**

રામજન્મભૂમિ મંદિર માટે લાંબી લડત આપી ચૂકેલા મહંત નૃત્યગોપાલદાસજીએ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઓગસ્ટ મહિનાની ૩ કે ૫ તારીખે મંદિર ગર્ભગૃહના શિલાપૂજન માટે અયોધ્યા પધારવા વિનંતી કરી છે. પવિત્ર શ્રાવણ માસમાં જ મંદિરનો શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ જાય તે પછી મંદિરનું નિર્માણ ભલે દેશકાળ અને પરિસ્થિતિ અનુસાર લંબાય, પણ એકવાર શરુઆત થઈ જવી જોઈએ, એવો મત તો શ્રીરામના લગભગ તમામ શ્રધ્ધાળુઓ ધરાવતા હોય તે સ્વાભાવિક છે. વડાપ્રધાન પાર્ટીના કાર્યકર્તા તરીકે અડવાણીની રામજન્મભૂમિ રથયાત્રાના સૂત્રધાર તરીકે ફરજ બજાવી ચૂકેલા છે અને આ રથયાત્રા જ ભાજપને હાંસિયામાંથી ઊંચકી કેન્દ્રમાં સત્તાસ્થાને સ્થાપિત કરવામાં પણ કારણભૂત રહી છે. એટલે સ્વાભાવિક છે કે એ હિંદુત્વનો રોકડિયો પાક લણી લેવા માટે પાર્ટી હરહંમેશ તૈયાર જ હોય. સામાન્ય શિરસ્તા મુજબ આવા ધાર્મિક ઉપક્રમોમાં ધર્માધ્યક્ષો જ કેન્દ્ર સ્થાને રહેતા હોય છે. રામજન્મભૂમિ મંદિરનો શિલાન્યાસ ચારેય ધર્મપીઠોના શંકરાચાર્યોના વરદ હસ્તે પણ કરાવી શકાયો હોત. સિંહદ્વારનો શિલાન્યાસ અગાઉ પણ થઈ ચૂક્યો છે. મોદીના વરદ્ હસ્તે જે 'શિલાપૂજન' વિધિથી થશે. મોદીને ખુદ બાબરી સમર્થક અંસારીએ પણ ખાસ નિવેદન કરી આવકાર્યા છે. વળી રામજન્મભૂમિ મંદિર ઉપરાંત 'રાષ્ટ્રમંદિર' પણ બનશે. રામ અને રાષ્ટ્ર વચ્ચે સામંજસ્ય સાધી હિંદુત્વ સમર્થક સમુદાય ભારતીય જનતા પાર્ટી માટે જ એક મજબૂત આધારશીલા ઊભી કરી રહેલ છે, એ સમજી શકાય એમ છે. વડાપ્રધાનના વરદ હસ્તે જ રાષ્ટ્રમંદિરનો શિલાન્યાસ પણ કરાવાશે. વળી મંદિરના મૂળ સ્વરુપને પણ પરિષ્કૃત કરી વિશાળ બનાવવાનું નક્કી કરાયું છે. અયોધ્યાને વિશ્વ પ્રવાસન નગરી તરીકે વિકસાવવાનો વિચાર પ્રશંસનીય છે. એ રીતે અયોધ્યા દેશનું સાંસ્કૃતિક પાટનગર બની રહેશે. કાશી, કાંચી, અયોધ્યા, મથુરા અને પુરી જેવાં હિંદુ ધર્મ સાથે સંકળાયેલા નગરોને મોક્ષદાયિની નગરીઓ તરીકેનો દરજ્જો તો શાસ્ત્રકારોએ યુગો પૂર્વે આપી રાખેલો છે. અયોધ્યા મુદ્દો કાળક્રમે ફલોપ થઈ જશે એવી રાજકીય પંડિતોની ગણતરી ભારતીય જનતા પાર્ટી અને વિશ્વ હિંદુ પરિષદના માંધાતાઓએ ખોટી પાડી છે. જો કદાચ એમ બને તો પણ એમની પાસે વૈકલ્પિક મુદ્દા તૈયાર હતા : 'કાશી-મથુરા બાકી હૈ' - ના નારા અત્યારે ભલે શાંત પડી ગયા હોય, પરંતુ એ ગમે સમયે પુનર્જીવિત કરી શકાય એમ છે. સોમનાથને રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતીક ગણાવી કનૈયાલાલ માણેકલાલ મુનશી નહેરુની ખફગીનો ભોગ બન્યા હતા. સરદાર પટેલને તેઓ પોતાની થિયરી સાથે સહમત કરી શક્યા હતા, પરંતુ મંદિરના પુનર્નિર્માણમાં સરકાર ક્યાંક સામેલ નહીં હોય - એવા નહેરુના આગ્રહનો સ્વીકાર કરવો પડ્યો હતો. નહેરુની ઈચ્છા વિરુદ્ધ તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે સોમનાથ મંદિરના કાર્યક્રમમાં હાજરી આપી હતી. મુનશી જીવતા હોય તો મોદીએ જરૂર એમને 'ભારત રત્ન'થી નવાજ્યા હોત. સમય સાથે લોકતંત્ર અને ધર્મ વચ્ચેના સંબંધમાં પણ પરિવર્તન આવી શકે છે. બિનસાંપ્રદાયિકતાના સમર્થકો અને ગાંધીવાદના અનુયાયીઓને ગમે કે ન ગમે પણ ભારત પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે પણ 'હિંદુ રાષ્ટ્ર' બનવા ભણી જ આગળ વધી રહેલ છે તે એક નક્કર હકીકત છે.

# કબજા વગરના પાવર ઓફ એટર્નીની નોંધણી ફરજીયાત

**હવેથી નોટરી રજીસ્ટર પાવર ઓફ એટર્ની ચાલશે નહિ  જ્યારે ૧૦ જુલાઈ-૨૦૨૦ અગાઉના પાવરો માટે જુના નિયમો જ અમલી રહેશે**



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ ૧૭(૧) માં ગુજરાત સરકારે રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારા વિધેયક બીલ નં. ૨૭/૧૮) ને રાષ્ટ્રપતિશ્રીએ મંજુરી આપતા હવેથી કબજા વગરના પાવર ઓફ એટર્ની સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવવા ફરજીયાત બનશે તેમજ નોટરી રૂબરૂ નોંધાયેલ આવી પાવર ઓફ એટર્ની વેલીડ ગણવામાં આવશે નહિ. ઓનલાઈન દસ્તાવેજી પ્રક્રિયા વધુ સરળ, સુરક્ષીત અને ઝડપી તેમજ પારદર્શી બનશે તેમજ દસ્તાવેજમાં થતી ગેરરીતીઓ અને છેતરપીંડીના કિસ્સાઓ ઉપર નિયંત્રણ આવશે. પાવર નોંધાવતા સમયે તમામ પક્ષકારોના ઓળખના પુરાવા તથા પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ ફરજીયાત જોડવાના રહેશે.

રાજયની સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોધણી સમયે નોટરી રૂબરૂ નોધાયેલ પાવર ઓફ એટર્ની રજુ કરી દસ્તાવેજ નોંધવામાં આવતો હતો જેનાથી છેતરપીંડીના ઘણા કિસ્સા સામે આવતા આઈપીસીની કલમ ૪૨૦, ૪૦૯, ૪૬૭, ૪૬૮ તથા ૧૨૦(બી) મુજબ ગુન્હાના પ્રમાણમાં વધારો થયેલ જેને નાંથવા તથા સામાન્ય ખેડૂત પરિવારની એકમાત્ર આજીવિકાનું સાધન એવી ખેતીની જમીન દલાલો તથા ભુમાફીયાઓ ખોટા પાવર નોટરી રૂબરૂ નોંધાવી બોગસ માણસો ઉભા કરી જમીન પચાવી પાડવાનો કારસો કરતા રાજય સરકારે આ મહત્વનો નિર્ણય કરતા વકિલો તથા નોટરી ઉપર થતા કેસોમાં પણ ઘટાડો નોંધાશે.

દેશભરમાં ડિઝીટલ ઈન્ડીયાનો નવતર અભિગમ સરકારે દાખવેલ છે જેમાં મહેસુલી સેવાઓમાં નવા નિયમ દાખલ થતા નોંધણી સમયે રૂબરૂ હાજર ના રહી શકનાર વ્યક્તિ ઓનલાઈનથી પાવર નોંધણી કરાવી શકશે. જેનો સીધો ફાયદો વૃધ્ધો, અશકતો તથા વિદેશથી પાવર આપનાર વ્યક્તિને થશે. જેનાથી સમય, શક્તિ અને નાણાનો પણ બચત થશે. ઓનલાઈન દસ્તાવેજ નોંધાવી કોર્ટ કચેરીના કામ માટે પણ પહેલા નોટરી પાવર ઓફ એટર્ની ચાલતો હતો જે હવે રજીસ્ટ્રાર ઓફિસમાં નોંધાવવો ફરજીયાત રહેશે તેમજ તેમાં કયા કેસ અંગેનો પાવર આપે છે તે નોંધવું ફરજીયાત રહેશે.

વેચાણનો પાવર લોહીની સગાઈમાં અંદરો અંદર હોય તો માત્ર રજીસ્ટ્રેશન સીવાય કોઈ સ્ટેમ્પ ડયુટી ભરવાની રહેશે નહિ પરંતુ થર્ડ પાર્ટી પાવર હોય તો રજીસ્ટ્રેશન ફી અને સ્ટેમ્પ ફી ડયુટી ભર્યા બાદ જ તે રજીસ્ટ્રડ થશે.

નવા નિયમ મુજબ કુલમુખત્યાર નામામાં સહિ કરનાર વ્યક્તિ ના હયાતીના ડેકલેરેશનનો નમુનો જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી વિડીયો રેકોર્ડીંગ ઉપરાંત ૭ જાન્યુઆરી-૨૦૧૨ ના મહેસુલ વિભાગના ઠરાવ મુજબનું સોગંદનામું પાવર ઓફ એટર્ની હોલ્ડર પાસેથી મેળવીને દસ્તાવેજના ભાગ તરીકે જોડવાનું રહેશે.

થર્ડ પાર્ટી વેચાણ પાવરનો ઉપયોગ કરે કે ના કરે તો પણ સ્ટેમ્પ ડયુટી ભરવી જરૂરી છે. નોંધણી અધિનિયમની કલમ ૧૭(૧) માં થયેલા સુધારા મુજબ જ હવેથી કબજા સીવાયના પાવર ઓફ એટર્ની નોટરી રૂબરૂ નોંધાયેલ વેલીડ ગણવામાં આવશે નહી તેને સબરજીસ્ટ્રાર કચેરીમાં જ રજીસ્ટ્રડ કરવાના રહેશે. તેનું પેમેન્ટ પણ ઓનલાઈન ભરવામાં આવશે. હાલમાં દસ્તાવેજ કરી આપનાર દસ્તાવેજ કરાવી લેનાર તેમજ ઓળખ આપનારના ઓળખના પુરાવા લેવામાં આવે છે પરંતુ આ બાબતમાં અધિનિયમમાં કોઈ જોગવાઈ ન હતી હવે આ સુધારા અધિનિયમથી પુરાવા લેવાની જોગવાઈ ઉમેરીને તેને વૈધાનિક પીઠબળ પુરૂ પાડવામાં આવ્યું છે.

રાજય સરકાર દ્વારા હરાજીથી અથવા એલોટમેન્ટ અથવા વેચાણથી આપવામાં આવતા વેચાણ પત્રોને ફરજીયાત નોંધણી પાત્ર બનાવેલ છે તેમજ કોર્ટ કોઈ મીલ્કતની જપ્તીનો હુકમ કરે તો તે હુકમનામાની નકલો પણ જેતે સબ રજીસ્ટ્રારના રેકર્ડ ઉપર રહે તે માટે મોકલવાની જોગવાઈ દાખલ કરવામાં આવેલ છે તેમજ આ અંગે કોઈ ભુલ થાય તો શીક્ષાની પણ જોગવાઈ દાખલ કરવામાં આવે છે.

૧૦ જુલાઈ-૨૦૨૦ થી પાવર રજીસ્ટ્રડ અંગેના નવા નિયમો અમલમાં મુકાયા છે પરંતુ ૧૦ જુલાઈ-૨૦૨૦ અગાઉના પાવરો માટે જુના નિયમો જ અમલી રહેશે.

# ઉજાગરા સદીઓથી સદી ગયા છે અમને તોય, કદી દીવો લઈ પેલી નિંદરને શોધીએ છીએ ?

**આપણે તો ભૈ રમતારામ !**
**વાયરો આવે-જાય એણે**
**ક્યાંય બાંધ્યા ના હોય ગામ.**
**ઓઢવાને હોય આભ,**
**ઉશીકાં હોય શેડાનાં,**
**પાથરેલી હોય રાત;**
**સમણાંનાં શણગાર સજીને ઊંઘ આવે...**
**- માધવ રામાનુજ**

આજના આ સમયમાં તમે એક ક્લિક કરીને ઈન્ટરનેટ પરથી જોઈએ આ બાબત અંગેની જાણકારી મેળવી શકો. પણ ઊંઘ ઓનલાઈન ઓર્ડર ન કરી શકાય. જો કોઈ વ્યક્તિ જમે નહિ તો કદાચ ચાલી જાય. પાણી ન પીવે તો પણ એકાદ દિવસ ચાલી જ શખે પણ પૂરતી ઊંઘ ન મળે તો રીતસર શરીર અને મગજ બંને શિથિલ થઈ જાય! જો વ્યક્તિ સ્વસ્થ હોય, સંતુલિત આહાર લેતો હોય, પૂરતો પરિશ્રમ કરતો હોય તો તેને મોટાભાગે ઊંઘ આવી જ જાય છે. સામાન્ય રીતે જેને ખૂબ વિચારવાની ટેવ હોય અથવા જે લોકો અતિ લાગણીશીલ હોય તેને ઊંઘ આવવામાં તકલીફ રહેતી જ હોય છે. પહેલાના સમયમાં ગમે તેટલી અગવડો અને અભાવ વચ્ચે પણ વ્યક્તિ એક સારી ઊંઘ લઈ શકતો અને આજના યુગમાં આપણી પાસે સુખ, સગવડ અને એશઆરામના પૂરતા સોર્સિસ હોવાં છતાં આપણે અનિદ્રાના ભોગ બનતા ઘણા લોકોને જાય છે. એક રિસર્ચ અનુસાર જે વ્યક્તિઓ કૃતજ્ઞ હોય જેઓ હંમેશા ઈશ્વરનો આભાર માનતા હોય છે તેમને સારી



ઊંઘ આવે છે. આપણા શાસ્ત્રોમાં જેમ દરેક બાબત માટેનું નિરાકરણ કરતો શ્લોક છે તેમ અનિદ્રા માટે પણ સંસ્કૃતમાં એક મંત્ર છે :

'શુદ્ધે શુદ્ધે મહાયોગિની મહાનિદ્રે સ્વાહા ।।'

આજકાલની યંગ જનરેશન અને ટેકનોસેવી જનરેશન કદાચ ઊંઘ માટેના આવા મંત્રને હસીમાં ઉડાવી દે પણ જયારે રાત્રે ઊંઘ આવે જ નહિ ત્યારે કંટાળીને 'ડૂબતો તરણું ઝાલે' એ ન્યાયે આવા મંત્ર જાપનું રટણ કરવાનું ચૂકતો નથી. તમને જાણીને નવાઈ લાગશે કે એક અભ્યાસ મુજબ આશરે પંદર કરોડ જેટલા લોકો અનિદ્રાની સમસ્યાથી પીડાય છે. લગભગ વિશ્વની કુલ વસ્તીના ૨૦% લોકો સ્વસ્થ ઊંઘથી વંચિત રહે છે. ભારતનો આંકડો તો અત્યંત ચોકાવનારો છે. ૯૩% ભારતીયો સ્વસ્થ અને પૂરતી ઊંઘથી વંચિત છે. એક અભ્યાસ મુજબ ૭૨% ભારતીયો રાત્રે એક કે ત્રણ વખત જાગી જાય છે. ૭૮% લોકોને અનિદ્રાને લીધે સ્વાસ્થ્ય પર ગંભીર અસરો થાય છે. દુર્ભાગ્યે આટલા બધામાંથી માત્ર બે ટકા લોકો એમના ડૉકટર પાસે અનિદ્રાની સમસ્યાની ફરિયાદ કરે છે. જાણીતા મનોવૈજ્ઞાનિક ચિકિત્સક ડૉ. પ્રશાંત ભીમાણીના કહેવા અનુસાર : 'સામાન્ય સંજોગોમાં ઊંઘ દરમિયાન શરીર નવી ઊર્જા પ્રાપ્ત કરે છે. મગજ સ્મૃતિઓને એકત્રિત કરે છે. થાઈરોઈડ અને ગ્રોથ હોર્મોન્સ જેવા અતઃસ્ત્રાવો ઊંઘ દરમિયાન ઝરે છે. જેનાથી સ્નાયુઓ, હાડકાં અને ઊંચાઈ પણ અસર પામે છે. વાળનું વધવું પણ વિકાસની પ્રક્રિયા જ છે. આમ જોઈએ તો ઊંઘ એ સ્વાસ્થ્ય માટે કરાતું અનિવાર્ય ઈન્વેસ્ટમેન્ટ છે. જો તમે છ થી આઠ કલાકની શાંતિપૂર્ણ નિદ્રા લઈ શકતા હોય તો તમે વધુ સ્વસ્ત અને સક્રિય રહી શકો છો.'



**WhatsApp ઓફ ધી વીક**
નેહલ ગઢવી

દરરોજ નિયત સમયે જ સૂવાનો પ્રયત્ન કરવો, સંતુલિત અને પૌષ્ટિક આહાર લેવો, તનાવ કે સ્ટ્રેસ થાય તેવી ટીવી સિલિયલ્સ ન જોવી, મોબાઈલમાં મોડી રાત સુધી મુવીસ કે વેબ સિરીઝ ન જોવી, દિવસ દરમિયાન પૂરતો શ્રમ કરવો, સૂતી વખતે નાની પ્રાર્થના કરવી અથવા ઈશ્વરનું સ્મરણ કરવું. આવી સાવ સરળ લાગતી બાબતોનું પણ આપણે નિયમિતપણે પાલન કરી શકતા નથી અને પરિણામે અનિદ્રા, માનસિક તણાવ, સ્વભાવમાં ચીડચીડિયાપણું, મેદવીસ્તા જેવા અનેક રોગોને સામે ચાલીને આમંત્રણ આપી બેસીએ છીએ.

**Last Seen :**
ઉજાગરા સદીઓથી સદી ગયા છે અમને તોય,
કદી દીવો લઈ પેલી નિંદરને શોધીએ છીએ ?

- nehalgadhavi101@gmail.com

# ચરોતરનાં વીરાંગના કમળાબહેન પટેલ : એક વિસરાયેલું વ્યક્તિત્વ




**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

ક્યારેક ભારતીય આઝાદીના સંગ્રામની વાતો થાય ત્યારે કોંગ્રેસના નેતૃત્વમાં લડાયેલા આ જંગમાં ભારતના ભાગલાની રક્તરંજિત કરુણતાની વાત જરૂર ઝળકે છે, ભારત અને પાકિસ્તાન બંનેના ગુજરાતી બેરિસ્ટર




રાષ્ટ્રપિતા નામે, મહાત્મા ગાંધી અને કાઈદ-એ-આઝમ ઝીણાની ખટમીઠી વાતો પણ ખૂબ ચર્ચાય છે, કોંગ્રેસ અને મુસ્લિમ લીગની ગાજવીજ વચ્ચે ક્રાંતિકારીઓની ભૂમિકા પણ આઝાદી મેળવવામાં હતી એના દાવાઓ પણ આક્રમક રીતે થાય છે. હિંસા અને અહિંસાના ઘટનાક્રમની બહુબોલી વાતોમાં જે ભાગ્યેજ પ્રગટે છે એવી કહાણી એટલે માલમિલકતની સાથે લૂંટાયેલી અને વેદનાઓથી ફાટફાટ થતી એ હિંદુ, મુસ્લિમ અને શીખ મહિલાઓને પરત મેળવીને એમના સાચા પરિવાર સાથે જોડવાના



ભગીરથ કાર્યમાં ખૂબ મહત્વનું યોગદાનની ગાથા. મૂળ સોજિત્રાના ગાંધીવાદી શંકરભાઈ પટેલ પરિવારની, નડિયાદમાં જન્મેલી અને ઊંચેરા છ ગામની આ કન્યા નડિયાદમાં બીજવરને પરણાવેલી પણ કૂમળીવયે જ વિધવા થયેલી કમળાબહેન પટેલ (૧૯૧૨-૧૯૯૨)ની આ વાત છે. ઓરમાન સંતાનોના ઉછેરની જવાબદારી માથે આવી પડી છતાં રાષ્ટ્રધર્મની હાકલ થઈ ત્યારે પોતાનાં બળૂકાં કેપ્ટન મૃદુલા સારાભાઈના નેતૃત્વમાં લાહોર અને અમૃતસર જેવા એ વેળાના લોહી તરસ્યા પ્રદેશમાં એમણે કરેલા મહાન યોગદાનને આજે ભાગ્યેજ કોઈ યાદ કરે છે.

નાતજાત કે ધર્મના ભેદભાવ નહીં

થોડા વખત પહેલાં મૂળ કરમસદના વડોદરાનિવાસી રશેષ પટેલ સાથે કમળાબહેન પટેલની આછેરી વાત નીકળેલી. હમણાં મૂળ ભાદરણના વડોદરાનિવાસી દેવલ શાસ્ત્રીએ મુંબઈના વિલેપાર્લેના ૪૯,મહાત્મા ગાંધી માર્ગનાં નિવાસી પેલાં કમળાબહેન પટેલની ૨૫ માર્ચ ૧૯૮૫ના નિવેદનવાળી ''મૂળ સોતાં ઊખડેલાં''ની આર.આર.શેઠના ભગતભાઈ

- **ભારતના ભાગલા ટાણે ફાટી નીકળેલાં કોમી તોફાનોમાં માલમિલકત ઉપરાંત સ્ત્રીઓની પણ લૂંટ ચાલી**
- **અભાગી સ્ત્રીઓની પુનઃપ્રાપ્તિ માટે લાહોરમાં ભગીરથ કામ કરનાર હતાં સોજિત્રાનાં કમળાબહેન પટેલ**
- **રાષ્ટ્રધર્મની હાકલ થઇ ત્યારે બળૂકાં કેપ્ટન મૃદુલા સારાભાઈના નેતૃત્વમાં એ વેળાના લોહી તરસ્યા પ્રદેશમાં હાજર**
- **હિંદુ-મુસ્લિમ-શીખભેદના લેશમાત્ર સ્પર્શ વિનાની કમળાબહેનની કરુણામાં સંવેદનશીલ હૃદયનો સાવ શુદ્ધ માનવભાવ**

શેઠે પ્રકાશિત કરેલી અને અલભ્ય એવી બીજી આવૃત્તિને વડોદરાની સેન્ટ્રલ લાઈબ્રેરીમાંથી શોધી કાઢી એની નકલ પાઠવી ત્યારે ગટે શાકુન્તલ માથે મૂકીને નાચ્યો હતો એવી જ અનુભૂતિ થઈ. સામાન્ય રીતે પોતાની ભૂમિકા સાવ ક્ષુલ્લક હોય તોય આત્મકથા કે સંસ્મરણોમાં પોતાને નાયક-નાયિકા સ્વરૂપે ચિતરવાની પરંપરા ભારતીય આંદોલનકારીમાં જોવા મળે છે, પરંતુ આ લેખિકા આટઆટલાં ભગીરથ કાર્ય કરે છે, જાનના જોખમે કરે છે, માણસાઈના પોકારને અનુસરીને કરે છે, નાતજાત કે ધર્મના ભેદભાવ વિના કરે છે છતાં પોતાને ના તો એ નાયિકા લેખાવે છે કે ના એ કાર્યનો યશ ગૂંજે બાંધવાની કોશિશ કરતાં લાગે છે. ચાર-પાંચ વર્ષના એ અત્યંત વિકટ એવા અને કોમી ઝનૂન, મારો-કાપો-લૂંટોના નારા ગજવતા જોખમી કાળની વાત એ કરે છે ત્યારે ક્યારેક પોતે ગાંધીજીના આશ્રમમાં રહ્યાં હોવાથી પૂરી સભાનતાથી, ઉશ્કેરાટ વિના અને રામસેતુના નિર્માણમાં થોડુંક યોગદાન કરનારી ખિસકોલીની શૈલીમાં એ ઘટનાઓને નોંધે છે. સાથે જ આ સમગ્ર લખાણ એ અર્પણ કરતાં નોંધે છેઃ ''સ્વ.મૃદુલાબહેન સારાભાઈને, જેમનાં હૂંફ અને પીઠબળ મારામાં હિંમત અને શક્તિ સીંચતાં રહ્યાં.'' મૃદુલાબહેન એ અમદાવાદના મિલમાલિક પરિવારનાં પણ દેશસેવાને સમર્પિત વ્યક્તિત્વ. એમનું મૃત્યુ ૧૯૭૪માં થયું હતું.

લાખોની કરપીણ હત્યા અને વિસ્થાપન

''દેશના બે મુખ્ય રાજકીય પક્ષો – કોંગ્રેસ અને મુસ્લિમ લીગે દેશનું વિભાજન માન્ય રાખ્યું; પરંતુ એ બંને પક્ષો વિભાજન માટે પ્રજામાનસને તૈયાર કરવામાં નિષ્ફળ ગયા.પરિણામે, એક જ કુટુંબના બે ભાઈઓ પૈતૃક મિલકત શાંતિપૂર્વક વહેંચે એ રીતે વિભાજન ન થયું.'' કમળાબહેન પ્રાસ્તવિકમાં નોંધે છે. લાખોની કરપીણ હત્યા અને વિસ્થાપનના એ સમયગાળાનાં ૨૭ વર્ષ પછી પરમાનંદ કુંવરજી કાપડિયા જેવા મહાનુભાવના આગ્રહને લીધે પોતાનાં સંસ્મરણો લખવાનું માન્ય કરતાં કમળાબહેન કેટલી સહજતાથી અને સંવેદના સાથે વાતની માંડણી કરે છે એ જોવા જેવું છેઃ '' આ કોમી તોફાનોમાં માલમિલકત ઉપરાંત સ્ત્રીઓની લૂંટ પણ ચાલી. આની શરૂઆત ક્યારે, કેવી રીતે અને કઈ કોમના લોકોએ કરી એ કહેવું મુશ્કેલ છે. મહામારીના જંતુની જેમ આ ઝેરી હવા સમસ્ત પંજાબ, સિંધ અને સરહદના પ્રાંતોમાં ફેલાઈ ગઈ. સ્ત્રીઓનાં અપહરણ થયાં તેટલાથી જ વાત અટકતી ન હતી, શબ્દોમાં આલેખી ન શકાય એવા અત્યાચારો એમના પર ગુજર્યા હતા.દેશ સ્વતંત્ર થયો ત્યારે અપહુતા સ્ત્રીઓની પુનઃપ્રાપ્તિનું ભગીરથ કામ સામે આવીને ઊભું રહ્યું. આ કામગીરીનો કેટલોક હિસ્સો સંભાળવાનું કર્તવ્ય મારે ભાગે પણ આવ્યું.''

એક નહીં; અનેક ફિલ્મોના પ્લોટ

''પછી તો સત્તાવીસ વર્ષનાં વહાણાં વીત્યાં.આવેગો કંઈક ઠર્યા.ને ઉંમર વધતાં મન હકીકતોને સાચા પરિપ્રેક્ષ્યમાં અને સ્વસ્થ દ્રષ્ટિએ જોતું થયું. એવામાં સ્વ. મૃદુલાબહેનનાં સ્મરણો લખવાનો પ્રસંગ આવ્યો અને મનના ખૂણામાં દટાયેલા પંજાબના અનુભવો સપાટી પર આવવા લાગ્યા.નરી પાશવતાના વાતાવરણમાં કોઈ કોઈ પ્રસંગે જોવા મળેલી માનવતા પણ ડોકિયાં કરવા લાગી. મિત્રો અને સ્નેહીઓના આગ્રહનો સ્વીકાર કરી અનુભવોને શબ્દબદ્ધ કરવાનો એક પ્રયત્ન કરી જોવાની હિંમત આવી.'' કમળાબહેન૬૫નાં હતાં ત્યારે ૧૯૭૭માં એમના પુસ્તકની પ્રથમ આવૃત્તિ બહાર પડી. એ પછી છેક ૧૯૮૫માં બીજી પ્રકાશિત થઈ. જોકે આ પુસ્તકમાં વર્ણવવામાં આવેલો પ્રત્યેક પ્રસંગ નક્કર સત્ય હોવા ઉપરાંત અનેક પ્રસંગો તો રીતસર રોમેન્ટિક ફિલ્મ જોતા હોઈએ એવી અનુભૂતિ કરાવી જાય છે. એમાં હિંદુ-મુસ્લિમ પ્રેમ કહાણીઓનું નિરૂપણ પણ છે અને કોમી ઘૃણાના આ સૌથી જોખમી જ નહીં પાશવી દાવાનળ જેવા ઘટનાક્રમમાં પણ હિંદુ-મુસ્લિમ પ્રેમભાવનાં ભવ્ય ઉદાહરણ પણ અહીં જોવા મળે છે. મુંબઈના બોલિવુડની નજર આ પુસ્તક પર પડી લાગતી નથી, અન્યથા એમાંથી એક નહીં; અનેક ફિલ્મોનું નિર્માણ થાય એવા પ્લોટ એમાં ભરેલા છે. એ હૃદયસ્પર્શી પ્રસંગો અને અનુભવોની આવતા અંકોમાં વિગતે વાત કરીશું, પણ પોતાના લખાણ વિશે કમળાબહેન શું નોંધે છે એ ટાંકવાની લાલચ અહીં ખાળી શકાતી નથીઃ ''હૃદયના ઊંડાણને સ્પર્શી જોઈ યાદદાસ્તમાં જડાઈ ગયેલા કેટલાક અનુભવપ્રસંગો તથા મારા મનની પ્રતિક્રિયાઓ આલેખવાનો મારો આ પ્રયત્ન છે. અહીં વર્ણવેલા પ્રસંગો સત્ય જ છે, પણ એમની રજૂઆતમાં ક્ષતિ રહી ગયેલી હોય એમ બની શકે.''

રમખાણોની નરકલીલામાં ય માનવતા

''કોમી ઝેરનું મારણ'' એ શીર્ષક હેઠળ ચી.ના.પટેલે પુસ્તક વિશે સાર તારવ્યો છે એ શબ્દો કંઈક આવા છેઃ''પંજાબમાં કામ કરતાં કમળાબહેને રમખાણોની નરકલીલાની પૂરી દુર્ગંધ અનુભવી હતી અને તે તેમને અસહ્ય લાગી હતી. તેમણે જે કંઈ જોયું અને સાંભળ્યું તેણે

અનુસંધાન પાના નં ૭ પર